*This Question Paper contains 8 printed pages.*

Seat No.: G 2 ? 9 5 8 4

Sl. No. : 275079

# 001(G)

**(February, 2026)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **આ પ્રશ્નપત્ર A, B, C, D, E પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.**
2) **પ્રશ્નપ્રકાર પ્રમાણે વિકલ્પ આપેલ છે.**
3) **જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.**
4) **ભાષાશુદ્ધિ, લખાણ, મૌલિકતાને ગુણ પ્રાધાન્ય આપવામાં આવશે.**

## વિભાગ - A
## (પદ્ય આધારિત)

18

■ **નીચેના આપેલ બહુ વિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

1) નળ કયા દેશનો રાજા હતો ?
   (અ) ગંધર્વ (બ) નિષધ
   (ક) બ્રહ્મ (ડ) ખાન

2) ધ્રુવ અને પ્રહલાદને કયાં બાણ વાગ્યાં છે ?
   (અ) વાગ્બાણ (બ) રામબાણ
   (ક) ધનુષ્યબાણ (ડ) વ્યંગબાણ

3) અનાચાર આચરનારી અબળાને એના કૃત્યમાટે ન્યાય આપવા લોકો ક્યાં એકઠા થયા હતા ?
   (અ) ગામની ભાગોળે (બ) ન્યાયમંદિરમાં
   (ક) અબળાના ઘેર (ડ) મેળામાં

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

4) 'દમયંતિ સ્વયંવર' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

5) દયારામ રચિત કઈ ગરબી તમારા અભ્યાસક્રમમાં છે ?

6) શ્યામ સાધુનું આખું નામ શું છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

7) 'ગોપી' શેમાં સ્નાન કરવાની ના પાડે છે ? શા માટે ?

8) દૂરથી પતિને આવતો જોઈ ઊર્મિલા શું વિચારે છે ?

9) બા શા માટે એકલાં પડી ગયાં છે ?

10) ભાણીએ કપડાં ધોવાનો કયો સમય પસંદ કર્યો છે ?

■ **નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ)** **[6]**

11) નળ અને દમયંતીનો પ્રસન્ન દામ્પત્યપ્રેમ વર્ણવો.

12) 'ભવના અબોલા' લોકગીતમાં નાયિકા શો સંદેશ મોકલાવે છે ?

13) પરમાત્મા પૃથ્વી પર કયા કયા સ્વરૂપે રહેલો છે ?

14) ઓલિયાનો ન્યાય 'સાચો ન્યાય' શાથી ગુણી શકાય ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

15) 'રામબાણ' પદનો મર્મ તમારા શબ્દોમાં લખો.

**અથવા**

'જુઓ' ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન કરાવો.

## વિભાગ - B
## (ગદ્ય આધારિત)

■ **નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર વિકલ્પમાંથી શોધીને લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

16) ઉપાલિને પહેલાં દીક્ષા કોણે આપી ?

(અ) તથાગતે (બ) મહાનામે
(ક) અનુરુદ્ધે (ડ) કુમારે

17) ભોજાએ રહેઠાણમાં શું બનાવ્યું હતું ?

(અ) બંગલો (બ) કૂબો
(ક) વાડી (ડ) ખેતર

18) પ્રભાશંકરે તૈયાર કરેલું ગાંધીજીનું તૈલચિત્ર કોના હસ્તે ખુલ્લું મૂકેલું ?

(અ) ઓસ્વાલ્ડ બિર્લી (બ) અનંતરાય
(ક) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (ડ) મહારાજા ભાવસિંહજી

■ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[3]**

19) 'માત્માના માણસ' પાઠનું સાહિત્યસ્વરૂપ જણાવો.

20) 'સત્યાગ્રહાશ્રમ' કૃતિના લેખકનું નામ દર્શાવો.

21) 'ઈશ્વર સર્વવ્યાપી' પાઠના લેખકનું નામ લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[4]**

22) અમરનાથ યાત્રા કયા સમયમાં સરળ પડે છે ?

23) અંતે યુધિષ્ઠિર બેભાન શા માટે થઈ જાય છે ?

24) ગીતાનું વાચન કરવાવાળા મનુષ્ય કેવા સદ્‌ગુણો આત્મસાત કરે છે ?

25) ભાવસિંહજીના આમંત્રણનો શ્રી પ્રભાશંકરે શો પ્રત્યુત્તર આપ્યો ?

■ **નીચેના પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખો. (કોઈપણ ત્રણ, પ્રત્યેકના 2 ગુણ)** **[6]**

26) ગુરુને ત્યાં ભણવાને લીધે શ્વેતકેતુમાં શા-શા ફેરફાર થયા ?

27) 'સેલ્વી પંકજમ્' પાઠમાં નાયિકાને જોતાં નાયકે શાં-શાં અનુમાનો કર્યાં ?

28) ગંભીર અકસ્માત થાય ત્યારે આપણે શાં પગલાં લેવાં જોઈએ ?

29) ઉછીનું માગનારની નજર કેવી છે ? શા માટે ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (કોઈપણ એક)** **[4]**

30) 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' વાર્તાનો ધ્વનિ સ્પષ્ટ કરો.

**અથવા**

ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિવિધ સત્યાગ્રહો અને તેની અસરો જણાવો.

## વિભાગ - C
## (વ્યાકરણ આધારિત)

■ **નીચેના સમાનાર્થી શબ્દો સામ-સામે જોડી લખો. (ગમે તે ચાર, પ્રત્યેકનો ½ ગુણ)** **[2]**

| | | | | |
|---|---|---|---|---|
| 31) દાન | - | તહોમત | - | મહેનત |
| 32) ગુનો | - | ખેરાત | - | આક્ષેપ |
| 33) પ્રયાસ | - | શસ્ત્ર | - | વાંક |
| 34) આરોપ | - | અપરાધ | - | આયુધ |
| 35) હથિયાર | - | પરિશ્રમ | - | સખાવત |

■ **નીચેના વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે ફરીથી લખો. (ગમે તે ચાર, પ્રત્યેકનો ½ ગુણ)** **[2]**

36) અનુરુદ્ધે રાજીપો બતાવ્યો.

37) ઉછીનું માગનારમાં વિવેક હોતો નથી.

38) સૌંદર્યનું એ છેલ્લું દર્શન છે.

39) આ રાજમુગટ પર કલંક લાગ્યું છે.

40) ટેકરાની જમીન કઠણ ન હોતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

■ નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર, પ્રત્યેકનો ૧/૨ ગુણ) [2]

41) લોકોમાં ચાલતી વાત

42) ઘરનો સરસામાન

43) પગનો ચાલવાનો અવાજ

44) જીવનના છેલ્લા શ્વાસ સુધીની કેદ

45) દાંતવાળો મ્હોંનો નીચેનો ભાગ

■ નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાનો માન્ય અર્થ લખો. (પ્રત્યેકનો ૧/૨ ગુણ) [1]

46) ચિપો

47) ટાણે

■ નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (કોઈપણ બે, પ્રત્યેકનો ૧/૨ ગુણ) [1]

48) પરીસદ પરિષદ

49) અનૂચીત અનુચિત અનુચિત

50) પ્રતીધ્વની પ્રતિધ્વનિ

■ નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો.
(કોઈપણ છ, પ્રત્યેકનો અડધો ગુણ) [3]

51) કેદીઓ પાસે જઈને એમની શાંત વાણી સાંભળીએ.
(વાક્યમાં વિશેષણ શોધો)

52) ....... માર્ગ આવતાં ત્રણે ઘોડા એક હરોળમાં ચલાવી શકાતા.
(ખાલી જગ્યામાં વિશેષણ લખો)

53) એમણે એ પત્રનો મને ખૂબજ સરસ જવાબ આપ્યો.
(વાક્યમાંથી નિપાત શોધો)

54) મેં ....... તેમને 'આભાર' કહી શિષ્ટાચાર બતાવ્યો.
(ખાલી જગ્યામાં નિપાત મૂકો)

55) મારે તમને એક અગત્યની વાત કહેવાની છે.
(વાક્યમાં કૃદંત શોધો)

56) આ ટેકરામાંથી ........ બાળક ક્યાંથી નીકળ્યું ?
(ખાલી જગ્યામાં કૃદંત લખો)

57) મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા કરી.
(વાક્યમાં કૃદંત શોધી પ્રકાર લખો)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

■ **નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**
**(કોઈપણ બે, પ્રત્યેકનો 1 ગુણ)** [2]

58) ભાન ભૂલવું
59) સંકેત કરવો
60) રવાડે ચડાવવું

■ **નીચેના વાક્યમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો.**
**(કોઈપણ ત્રણ, પ્રત્યેકનો 1 ગુણ)** [3]

61) હવે એનો વધારે જીર્ણોદ્ધાર શક્ય જ ન હતો.
(વાક્ય લેખનરૂઢિની દષ્ટિએ સુધારો)
62) હું તમને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો પરિચય કરાવીશ.
(વાક્યમાં ભાષા શુદ્ધ કરો)
63) એમનાં દર્શને જ પાઠ પ્રથમ મને મળ્યો શ્રમનો.
(વાક્યમાં પદક્રમ ગોઠવો)
64) માનવજીવનનાં શોષણ માત્ર આર્થિક ક્ષેત્રમાં જ ચાલે છે.
(વાક્યમાં પ્રત્યય સુધારો)

■ **નીચેના સંયુક્ત કે સંકુલ વાક્યોને સાદા વાક્યમાં ફેરવી ફરીથી લખો.**
**(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)** [2]

65) દેવરાજ કેમ્પના સ્ટેશને ઉતર્યો ત્યારે સૌ પહેલાં એની બાની યાદ આવી.
66) ગળે સોપારી જેવો ગોળ ડૂચો ભરાયો ને આંખ ભીની થઈ ગઈ.
67) જેમ પ્રભુમાંથી આ સર્વ સૃષ્ટિ ફેલાઈ છે. તેમ વડમાંથી વડવાઈઓ ફેલાઈ હતી.

■ **નીચેના સાદાં વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવી લખો.**
**(કોઈપણ બે - પ્રત્યેકનો 1 ગુણ)** [2]

68) કપિલવસ્તુનો સીમાડો વટી ગયો. રાજકુમારો ઘડીક થોભ્યા.
69) મિત્રો કોઈ અવિનય લાગે. મિત્રો મને ક્ષમા કરજો.
70) બીજે દિવસે સવારે પહેરેગીર આવ્યો. તેણે સમાચાર આપ્યા. કેદી ભાગી છૂટયો છે.

## વિભાગ - D
## (અર્થગ્રહણ)

■ **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** [5]

અમેરે સૂકું રૂનું પૂમડું
　　તમે અત્તર રંગીલા રસધર



Get More Learning Materials Here : CLICK HERE　www.studentbro.in

તરબોળી ધોને તારેતાર ને
વીંધો અમને વ્હાલા અપરંપાર;
આવો રે આવો હો જીવણ આમના
અમે રે સૂના ઘરની જાળિયું,
તમે તાતા તેજના અવતાર,
ભેદીને ભીડેલા ભોગળ આગળા
ભરો લખલખ અદીઠા અંબાર;
આવો રે આવો જીવણ, આમના
અમેરે ઊધઈ ખાધું ઈંધણું
તમે ધગધગ ધૂણીના અંગાર
પડે પડ પ્રજાળો વ્હાલા, વેગથી
આપો અમને અગનના શણગાર
આવો રે આવો હો જીવણ આમના.

— મકરંદ દવે

**પ્રશ્નો :**

71) આ કાવ્યમાં 'જીવણ' શબ્દ કોને માટે વપરાયો છે ?

72) જીવણને ક્યાં ક્યાં રૂપક આપવામાં આવ્યાં છે ?

73) કાવ્યમાં કવિએ પોતાની કઈ ઊણપો દર્શાવી છે ?

74) કવિ જીવણને શી શી આજીજી કરે છે ?

75) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેનો ગદ્યખંડવાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[5]**
**(પ્રત્યેકનો 1 ગુણ)**

જ્ઞાન જ્યારે માનવીના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબદ્ધ કરતી પરંપરાઓમાં પરિવર્તિત થાય છે, ત્યારે તે હાનિકારક બને છે. કેમ કે એ માનવીઓને વિભાજિત કરે છે. તેમની વચ્ચે દુશ્મનાવટ સર્જે છે, અને સત્યની ઊંડી શોધને અવરોધે છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ સ્વસ્થપણે તટસ્થ રીતે વિચારી શકે તથા સમસ્યાઓનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની બુદ્ધિશક્તિ વિકસાવી શકે તે છે. વિચારો નહીં પણ વિચારોની પ્રક્રિયાનું શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન છે. કેળવણીકારોએ તદ્દન આરંભથી પ્રેમની શક્તિનો એટલે કે નમ્રતા, સજ્જનતા, વિચારશીલતા, ધૈર્ય અને વિવેકનો વિકાસ કરવો જોઈએ.

— જે. કૃષ્ણમૂર્તિ

**પ્રશ્નો :**

76) જ્ઞાન ક્યારે હાનિકારક બને છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

77) શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શો છે ?

78) શિક્ષણમાં શાનું સ્થાન મહત્વનું છે ?

79) કેળવણીકારોએ આરંભથી શાનો વિકાસ કરવો જોઈએ ?

80) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** [5]

81) વિદ્યાર્થીનું પ્રથમ કર્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધાવિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે. પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય સંકલ્પ કરતો થઈ જાય, તો વિશ્વની કોઈ પણ તાકત તેને અટકાવી શકે નહીં. ત્રીજું કર્તવ્ય સેવાભાવનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના પક્ષપર્વમાં વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પ્રકારની કથા છે. ચોથું કર્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ, અને દિલ તથા દિમાગ વિશાળ કરવાં જોઈએ.

— વિનોબા ભાવે

■ **નીચેના ગદ્યખંડને કાળ કથનરીતિ પ્રમાણે વિચાર-વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** [5]

82) ગાંધીજીના ચુસ્ત અનુયાયી ને અંતેવાસી અમ્માને અપ્પાએ આ જંગલમાં કેવું મંગલ કર્યુ તેની રસપ્રદ કથા મે સાંભળી. ગામડાના ઉદ્ધારમાં એનો ફાળો કેવો ને કેટલો છે, તેનો અદ્‌ભુત ચિતાર આપ્યો. ચાલતાં ચાલતાં એણે મને સંસ્થાના પાયાથી માંડીને અત્યાર સુધીના વિકાસની વાત કરી. ગાંધીજીના આદર્શોની કેટલી નજીક રહી અમ્માને અપ્પાએ આ સંસ્થા ઉભી કરી તેનું તેણે ભાવપૂર્વક બયાન કર્યું. આ સંસ્થા એટલે અમ્માને અપ્પાની જીવનકથની.

## વિભાગ - E
## (લેખનસજ્જતા)

83) વધુ પડતા વરસાદ ને કારણે તમારા વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધ્યું છે. તે દૂર કરવા માટે તમારા વિસ્તારના આરોગ્ય અધિકારીને અરજી કરો. [5]

■ **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** [5]

84) વર્તમાન શિક્ષણ પરીક્ષાલક્ષી છે, જીવનલક્ષી નથી. પરીક્ષામાં ઉત્તીર્ણ થવું એ જ જાણે શિક્ષણનું આખરી ધ્યેય છે. આને પરિણામે શિક્ષણ વિદ્યાર્થીના



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- વ્યક્તિના ઘડતરમાં ઊણું ઉતરે છે. શૈક્ષણિક પરિક્ષાઓમાં ઊંચા ગુણાંક સાથે ઉત્તીર્ણ થનાર ઘણા વિદ્યાર્થી જગત અને જીવનની પાઠશાળામાં નિષ્ફળ પૂરવાર થાય છે. આ હકીકત શિક્ષણના આખા માળખાની પાયાની કચાશનો બોલતો પુરાવો છે.

**અથવા**

નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરી લગ્નમાટે પસંદ થયેલી અનાથાશ્રમની એક કન્યાના મનોભાવો વિશે ભાવાત્મક ગદ્યમાં લખો.

પોતાનું ઘર – મા - બાપ – અનાથાશ્રમ – બાળપણ – પ્રેમનો અભાવ – સમાજ – લઘુતાગ્રંથિ – પસંદગી – કડવા અનુભવો – ભાવિ જીવન – શંકાકુશંકા – શ્રદ્ધા.

■ **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આપેલ મુદ્દાઓને આધારે આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** [10]

85) **પ્લાસ્ટિક પ્રદૂષણ - એક સમસ્યા :**

મુદ્દા – પ્રસ્તાવના – પ્રદૂષણનો અર્થ – પ્રકારો – પ્લાસ્ટિક પ્રદૂષણનો પ્રકાર – ઠેર ઠેર ઉપયોગ – રોજિંદા વપરાશમાં મહત્ત્વનું સ્થાન – નાશ ન પામતો પદાર્થ – હવા, પાણી, જમીનમાં પ્રદૂષણ – પર્યાવરણને નુકસાન – જીવસૃષ્ટિને માટે ઘાતક – ઉગારવાના ઉપાયો – જનજાગૃતિ – ઉપસંહાર.

**મોબાઈલ કરતાં જિંદગી સસ્તી ? :**

મુદ્દા – પ્રસ્તાવના – મોબાઈલ - સગવડ માટે શોધાયેલું ઉપકરણ – ઉપયોગો – ઉપયોગ કરતાં ઉપદ્રવ વધુ – મશગૂલ રહેનારાઓની વધતી મૃત્યુસંખ્યા – મોબાઈલ વિના પરેશાની – ગેરલાભો – ટેક્નોલોજીનો ગુલામ માણસ – જિંદગી કરતાં મોબાઈલ મોંઘો નથી – રાક્ષસ બનીને માણસને ખાઈ રહ્યો છે – મોબાઈલ સમજણપૂર્વક ઉપયોગ – જાગૃતિ – ઉપસંહાર.

**જળ એ જ જીવન :**

મુદ્દા – પ્રસ્તાવના – પૃથ્વીપર ત્રીજો ભાગ પાણી – જળસંકટ – વધતી વસ્તી – પાણીની જરૂરિયાત – વરસાદની ઘટ – ઘટતું પાણી – જળસંગ્રહનો અભાવ – જળાશયોની સ્થિતિ – પાણી પર નભતા જીવો – વિવેકપૂર્ણ ઉપયોગ – પાણી બચાવવાનો સંકલ્પ – ઉપસંહાર.

◆◆◆



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in